પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 24-11-2026 **Midday : 2.30 to 2.35 pm**

Day : Tuesday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

KHARIF TEKA NA BHAVE KHARIDI

રાજ્યમાં આગામી 30 નવેમ્બરથી ખરીફ મગની ટેકાના ભાવે ખરીદી શરૂ કરાશે. સત્તાવાર યાદી મુજબ, સરકાર દ્વારા ખેડૂતો પાસેથી પ્રતિ હૅક્ટર 550 કિલોગ્રામ એટલે કે 27.5 મણ અને ખેડૂતદીઠ મહત્તમ બે હજાર 500 કિલોગ્રામ એટલે કે, 125 મણ સુધી ખરીફ મગની ખરીદી કરાશે. ભારત સરકાર દ્વારા ખરીફ મગનો પ્રતિક્વિન્ટલનો ટેકાનો ભાવ આઠ હજાર 780 રૂપિયા જાહેર કરાયો છે.

હાલમાં રાજ્યની વિવિધ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ – APMC ખાતે ખરીફ મગનો ભાવ સરેરાશ આઠ હજાર 190 રૂપિયા પ્રતિક્વિન્ટલ ચાલી રહ્યો છે, જે નિયત ટેકાના ભાવ કરતા ઓછો હોવાથી ખેડૂતોને નુકસાન ન જાય તે માટે ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય સરકાર દ્વારા કરાયો. પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન – પીએમ આશા યોજનાની માર્ગદર્શિકા મુજબ આ સમગ્ર ખરીદી કરાશે.

CM PATEL SABARKANTHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સાબરકાંઠામાં હિંમતનગર ખાતે શ્રી અર્બુદા માતાજી પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે જાહેરસભાને સંબોધતા શ્રી પટેલે ધર્મસ્થાનો અને આસ્થાના કેન્દ્રને ઉર્જાના કેન્દ્ર ગણાવ્યા. તેમણે આજના કાર્યક્રમને વિશેષ મહત્વનો ગણાવતાં કહ્યું, જે સમાજ પોતાના ઇતિહાસને જાણે છે, પોતાના વારસાનું ગૌરવ કરે છે અને તેમાંથી પ્રેરણા લઈ આગળ વધે છે તે સમાજનું ભવિષ્ય ઉજ્જવળ બને છે.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

GURU NANAK DEV JAYANTI

સિખ ધર્મના સ્થાપક, યુગદ્રષ્ટા શ્રી ગુરુનાનક દેવજીના પાવન પ્રકાશ પર્વની આજે દેશ અને વિદેશમાં ઉજવણી કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ સોશિયલ મીડિયા સંદેશમાં સૌને પ્રકાશ પર્વ અને દેવદિવાળીની શુભકાનાઓ પાઠવી. શ્રી પટેલે લખ્યું, “એક ઓંકાર”ના નાદ સાથે તેમણે સમગ્ર વિશ્વને સમાનતા, કરુણા, નિઃસ્વાર્થ સેવા અને બંધુત્વનો શાશ્વત સંદેશ આપ્યો છે. તેમનું દિવ્ય જીવનદર્શન અને ઉપદેશ આપણને સૌને સદાય માનવતા અને સત્કર્મના માર્ગે અગ્રેસર રહેવાની પ્રેરણા આપતા રહેશે.

દરમિયાન રાજ્યભરના ગુરુદ્વારાઓમાં આજે વિશેષ કાર્યક્રમનું આયોજન કરાયું છે. અમદાવાદમાં ઈસનપુર વિસ્તારમાં આવેલા ગુરુદ્વારા દશમેશ દરબારમાં પણ ભક્તો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હોવાનું ગુરુદ્વારાના અગ્રણીએ જણાવ્યું.

(BYTE: GURUDWARA DASHMESH DARBAR

ISANPUR)

તો, જામનગરમાં ગુરુદ્વારા ખાતે ગુરુનાનક દેવજીની 557-મી જન્મજયંતી નિમિત્તે પ્રભાત ફેરી, શબ્દ કીર્તન, અખંડ પાઠ સહિતના કાર્યક્રમ યોજાયા. સાથે જ ગુરુદ્વારાને રંગબેરંગી રોશનીથી શણગારાયું છે.

ARV KARTIKI PURNIMA

કાર્તિકી પૂર્ણિમા નિમિત્તે અરવલ્લીમાં સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં ભક્તિ અને શ્રદ્ધાનો મહાસાગર જોવા મળી રહ્યો છે. વહેલી સવારથી જ ભગવાન શામળિયાના દર્શનાર્થે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે. ભગવાનને મંગળા સ્નાન કરાવી ભવ્ય મંગળાઆરતી કરવામાં આવી. અબાલવૃદ્ધ સૌ કોઈ ધજા-પતાકા સાથે દૂરદૂરથી મંદિરે દર્શનાર્થે પહોંચ્યા છે. પૂનમ નિમિત્તે મંદિર પરિસર અને શિખરને આકર્ષક રોશનીથી શણગારાયું છે.

બીજી તરફ, મેશ્વો નદીના કિનારે આવેલા પવિત્ર નાગધરા કુંડમાં શ્રદ્ધાળુઓ સ્નાન કરી રહ્યા છે. પિતૃઓના અસ્થિનું વિધિપૂર્વક વિસર્જન કરવા પણ મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા છે. આ અંગે પંડિત દલાભાઈએ વધુ માહિતી આપી.

(BYTE: DALABHAI, PANDIT)

તો, પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવની પાવન સાંનિધ્ય ભૂમિ પ્રભાસ તીર્થ ખાતે કાર્તિકી પૂર્ણિમા નિમિત્તે બ્રહ્માજીની ભવ્ય રથયાત્રા

યોજાઈ. સ્કંદ પુરાણમાં વર્ણવાયેલી પૌરાણિક પરંપરા મુજબ, કાર્તિકી પૂર્ણિમાના દિવસે બ્રહ્માજીની રથયાત્રાનું વિશેષ મહત્વ છે. ધાર્મિક માન્યતા મુજબ, આ રથયાત્રામાં સહભાગી થવાથી અશ્વમેધ યજ્ઞ સમાન પુણ્ય મળે છે.

ACCIDENT IN STATE

કચ્છ અને તાપીમાં આજે બે અલગઅલગ દુર્ઘટનામાં ચાર લોકોના મોત થયાના અહેવાલ છે. કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે, નખત્રાણા તાલુકામાં વઝીરા વાંઢ પાસે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં ત્રણ લોકોના મોત નીપજ્યા. જ્યારે ઈજાગ્રસ્તોને સારવાર માટે હૉસ્પિટલ ખસેડાયા છે. માર્ગ પર ઉભેલા ટ્રેક્ટર સાથે એક ટ્રક અથડાતા આ દુર્ઘટના સર્જાઈ હતી.

જ્યારે તાપીમાં ઉચ્છલથી પસાર થતી તાપી નદીમાં ડૂબી જવાથી એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો. આ અંગે ઉચ્છલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

MSN VARIYALI AAVAK

મહેસાણામાં ઊંઝા માર્કેટ યાર્ડમાં નવી વરિયાળીનો આવકનો પ્રારંભ થયો. મુહૂર્તની નવી વરિયાળીનો 20 કિલોનો ભાવ 44 હજાર 111 ઐતિહાસિક ભાવ રહ્યો. સામાન્ય હરાજીમાં વરિયાળીના ભાવ સાત હજારથી 10 હજાર રૂપિયા સુધીના રહ્યા હોવાનું, અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરીએ જણાવ્યું.